જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૩/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-**  **સમાચાર યાદી નં.૫૭૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૭૯૧ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૧ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૬૦ બિયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-**  **સમાચાર યાદી નં.૫૭૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-**  **સમાચાર યાદી નં.૫૭૪/૧૭**

**સોલા હાઇકોર્ટ** : ધર્મેદ્રસીંગરાવ નાથુરામસીંગરાવ બહોરેજી (ઉ.વ.૬૦)(રહે,ગલી નં.૫, અધ્યાપક નગર, સીરસાવેજ, જી.ફીરોઝ્નબાદ, ઉત્તર પ્રદેશ) એ તા.૧૯/૩/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની દિકરી શક્તિરાવ સાથે એક વર્ષ પહેલા લગ્ન કરનાર આરોપી નીતીનસીંગ સુજાનસીંગ ઠાકુર (રહે, આર્ય અરોમા એપાર્ટમેન્ટ, ભાડજ સર્કલ, સોલા) એ લગ્નનાં એક મહીના બાદથી તા.૧૭/૩/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાની દિકરી શક્તિરાવ (ઉ.વ.૨૯) ને દહેજ ની માંગણી કરી, શારીરીક અને માનસીક ત્રાસ આપી, આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરતાં, શક્તિરાવે પોતાની સાસરીનાં ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.

**ઓઢવ** : બાલુબેન ઉર્ફે બાલીબેન વા/ઓ ગોવિંદભાઇ ધુળાજી (ઉ.વ.૪૮)(રહે.લક્ષ્મી મારબલ કારખાનામાં ઉમિયા વે બ્રીજની સામે, ગોતા ચોકડી પાસે ગોતા) એ તા.૧૯/૩/૧૭ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની દિકરી ગીતા (ઉ.વ.૧૯)ને તેના પતિ અભુજી ગુલાબજી ઠાકોર (રહે, જયરામભાઇના કુવા પાસે અભિશ્રી એસ્ટેટ સામે, વેપારી મહામંડળની પાછળ સીંગરવા ઓઢવ) અવાર નવાર બોલાચાલી ઝઘડો કરી, શારીરિક-માનસિક ત્રાસ આપી, આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરતાં, ગીતાએ તા.૨૪/૨/૧૭ સાંજના ૭/૧૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાસરીનાં મકાનમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન..સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૫૭૫/૧૭**

**શાહીબાગ** : મહેશકુમાર પાલાભાઇ પરમાર (રહે,નારાયણ કોમ્પ્લેક્ષ, સિવિલ હોસ્પીટલ ગેટ નંબર-૨ ની સામે, અસારવા) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૩/૧૭ સવારના ૫/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ડ્રોઅરમાંથી સેમસંગ કંપનીનાં મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- તથા બે સોનાની વિંટી તથા એક સેટ સોનાની બુટ્ટી, બંગડી નંગ-૨ જે તમામ દાગીના કુલ રૂપિયા ૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૫૭૬/૧૭**

**નરોડા** : રવિકુમાર મેઘજીભાઇ મહેશ્વરી (ઉ.વ.૩૬)(રહે,પૂજન બંગ્લોઝ નાના ચિલોડા નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૮/૩/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી સુરેશ સખારામ ચલાવે છે.

**કૃષ્ણનગર** : **(૧)** હાર્દીક ચદુભાઇ ઠાકોર (ઉ.વ.૨૧) (રહે,પંચવટી રેસીડન્સી, પરાગ સ્કુલ પાસે, નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૮/૩/૧૭ ના કલાક ૮/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**કૃષ્ણનગર** : (૨) વિજયભાઇ વાલજીભાઇ પટેલ (ઉ.વ.૫૧) (રહે, ખોડીયાર રેસીડંસી ગોપાલ ચોક નવા નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૩/૧૭ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવા** : માધુરીબેન વા/ઓ દિનેશભાઈ ઢિંગડે (ઉ.વ.૨૭)(રહે,સાંઈનાથ એપાર્ટમેન્ટ, ડિઝલ શેડ, વિંઝોલ) નાઓનાં પતિએ પોતાનાં ભાઇનાં લગ્ન જવાની ના પાડતાં મનમાં લાગી આવતાં તા.૧૯/૩/૧૭ ના કલાક ૮/૦૦ થી બપોરનાં ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે રસોડામાં હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)